


**સોનગઢના ગતાડીમાં આર.સી.સી.ની 30,000 લીટરની ક્ષમતાવાળી આશરે ૧૨ મીટર ઊંચાઈની ટાંકી હલકી ગુણવત્તાના મટિરિયલ્સ અને નિમ્ન કક્ષાની કોન્ટ્રાક્ટરની કામગીરીને કારણે લીકેજ, પાણી પુરવઠાના અધિકારીની બેદરકારીની પોલ ખુલ્લી પડી**

**વિકાસનો રંગ ફિક્કો**

# નવી ટાંકીમાંથી ટપકે છે ભ્રષ્ટાચાર

નિષ્કાળજીના અહેવાલ પ્રકાશિત થતાં સરપંચો પાસેથી ટાંકીમાં પાણી આવતું હોવાના લેટરપેડ પર ખોટાં લખાણ લઈ સરકારને ઊંધા ચશ્મા પહેરાવવાની પાણી પુરવઠાના અધિકારીની વર્ષોની કૂટનીતિ, વિજિલન્સ તપાસ જરૂરી



વ્યારાઃ સોનગઢ તાલુકાના ગતાડી ગામે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા માત્ર બે વર્ષ પહેલા લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલી આર.સી.સી.ની ૩૦,૦૦૦ લીટરની ક્ષમતાવાળી આશરે ૧૨ મીટર ઊંચાઈની ટાંકી હલકી ગુણવત્તાનાં મટિરિયલ્સ અને નિમ્ન કક્ષાની કોન્ટ્રાક્ટરની કામગીરીને કારણે લીકેજ થતા લાખોનો ખર્ચ સરકારના માથે પડ્યો છે. જેના કારણે ઉનાળામાં પાણીની જરૂરિયાત સમયે જ પાણી માટે ફાંફાં મારતા લોકોમાં ભારે નારાજગી પ્રસરી છે. લોકોનું કહેવું છે કે, ટાંકી બની ત્યારથી આ ટાંકીનું પાણી નસીબ થયું નથી. પાણીની નવીન ટાંકીઓમાં પીવાનું પાણી પહોંચ્યું નથી. છતાં પાણી પહોંચાડવાના કરાયેલા જુઠ્ઠા દાવાઓની વિજિલન્સ તપાસ જરૂરી બની છે.

પાણી પુરવઠાની ઊંચી ટાંકી અને સમ્પોની કામગીરી શંકાના દાયરામાં રહી છે. મોટા ભાગની ટાંકીઓમાં પાણી પહોંચતું નથી. પહોંચે છે તે પીવાલાયક નથી. જ્યારે પાણી વગરની ટાંકીમાં નપાણિયા અધિકારીની નિષ્કાળજીના અહેવાલ પ્રકાશિત થાય ત્યારે સરપંચો પાસેથી ટાંકીમાં પાણી આવતું હોવાનું જુઠ્ઠાણાના લેટરપેડ પર લખાણ લઈ સરકારને છેલ્લા ઘણા સમયથી પાણી પુરવઠાના અધિકારીઓ ઊંધા ચશ્મા પહેરાવતા આવ્યા છે. ત્યારે ગતાડી ગામે નિશાળ ફળિયામાં પાણીના પ્રશ્નો ઉકેલવા બનાવેલી નવીન ટાંકીમાં પાણીની સમસ્યા ઉકેલાય એ પહેલાં પાણી લીકેજની ઉદભવેલી સમસ્યાએ પાણી પુરવઠાની નિમ્ન કક્ષાની કામગીરીની પોલ ખોલી દીધી છે. અહીં ટાંકામાં પાણી તો ભરાય છે, પણ પાણી લોકોના ઘર સુધી પહોંચે એ પહેલાં નીચે ટપકી જાય છે.

લોકો સુધી પાણી પહોંચાડવા સરકારે લાખો રૂપિયાનો ખર્ચો કર્યો છે, પરંતુ આરસીસી વર્કમાં ભારે બેદરકારી સામે આવતા ઉનાળામાં આ ટાંકીનું પાણી આ વર્ષે પણ સરકારના ભારે પ્રયાસ પછી પણ સ્થાનિકોને નસીબ થઈ શકશે નહીં. અનેક ટાંકીઓમાં લીકેજની સમસ્યા સર્જાતાં સામાન્યતઃ સિમેન્ટ ચોપડી મામલો રફેદફે કરવાની કૂટનીતિ વર્ષોથી રહી છે. ગતાડીની ઊંચી ટાંકીનું પાણી ગ્રામજનો પીવે તે પહેલાં જ લીકેજ હોવાથી મોટી માત્રામાં વેડફાઈ રહ્યું છે. પણ અહીં પરિસ્થિતિ એવી ગંભીર છે કે, સિમેન્ટ ચોપડ્યા પછી પણ લીકેજ અટકાવી શકાય તેમ નથી. જેથી ગ્રામજનોમાં રોષ ઊઠ્યો છે. આડેધડ થયેલી કામગીરીની પોલ ખૂલી પડી છે ત્યારે ટાંકીનાં બાંધકામ મામલે તટસ્થ તપાસ થાય અને જવાબદારો સામે નક્કર પગલાં ભરાય તેમજ ફરીથી નવીન ટાંકીનું પુનઃ બાંધકામ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઊઠી છે.

### ટાંકીઓના કામમાં અધિકારીઓનું સુપરવિઝન કરાતું નથી

વ્યારાઃ પાણીની ટાંકી બન્યા પછી તેમાં કોઇ ખામી હોય તો તેને નિવારવાની જવાબદારી પાણી પુરવઠાના અધિકારીની હોય છે. પણ ટાંકીના કામમાં પાણી પુરવઠાના અધિકારીઓ દ્વારા સુપરવિઝન કરાતું નથી.

### ટાંકો લીકેજ, પાણી પહોંચતું નથી, છતાં ટાંકો ભરવા માણસો ગોઠવાયા

વ્યારાઃ ગતાડી ગામે ઊંચા ટાંકામાં જાણે ટપક સિંચાઇ પદ્ધતિનો અમલ કરાયો હોય તેમ ટાંકામાંથી ૨૪ કલાક પાણીની ધાર વહી રહી છે. લોકોનાં ઘરઆંગણા સુધી આ ટાંકીનું પાણી પહોંચતું નથી. છતાં પાણી પુરવઠા વિભાગે કોન્ટ્રાક્ટરની બેદરકારી છાવરવા ટાંકો ભરવા માણસો પણ ગોઠવી દીધા છે. આ માણસો ભલે કોન્ટ્રાક્ટરના હોય, પણ લોકોને પાણી મળતું ન હોય તો ટાંકો રિપેર કરવાને બદલે પાણી ભરી તેનો બગાડ કરવાનો તાત્પર્ય શું?

### પાણી પુરવઠાના કાર્યપાલક ઇજનેરે ફોન રિસીવ ન કર્યો

આ બાબતે તાપી જિલ્લા પાણી પુરવઠાના કાર્યપાલક ઇજનેર અંકિત ગરાસિયાને ટેલિફોનિક સંપર્ક માટે ફોન કર્યો હતો, પણ તેમણે ફોન રિસીવ કર્યો ન હતો.

# જૂના કોસંબામાં પૈસાની લેતીદેતી મુદ્દે ધીંગાણું, પાંચ જણાનાં માથાં ફૂટ્યાં

**સેફ** મુનિર અને સોયબ ખાન વચ્ચેની સામાન્ય લડાઈએ મોટું સ્વરૂપ ધારણ કર્યું, બે પક્ષ વચ્ચે હિંસક અથડામણ

**લોખંડના** પાઈપ, તલવારો ઊછળ્યાં, 13ને ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયા, પોલીસે બંને પક્ષની ફરિયાદો નોંધી



હથોડાઃ જૂના કોસંબામાં પૈસાની લેતી દેતી મામલે બે યુવક વચ્ચે બોલાચાલી બાદ એક યુવકને માર મારી લોહીલુહાણ કરી દેવાયો હતો. ત્યારબાદ બે મુસ્લિમ પક્ષ બાખડી પડતા, તલવાર, લાકડાના ફટકા, લોખંડના પાઇપ જેવા ઘાતક હથિયારોથી મારામારીમાં પાંચ જણાના માથા ફૂટ્યા હતા. નાની મોટી ઈજા સાથે તેમને બે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. ધમાલ અને ધીંગાણાને પગલે કોસંબા પંથકમાં ભયનો માહોલ ફરી વળ્યો હતો.

ઘટનાની વિગત એવી છે કે કોસંબા ખાતે રહેતા સેફ મુનિર અને સોયબ ખાન વચ્ચે પૈસાની લેતી દેતી બાબતે બોલાચાલી અને ઝઘડો થયા બાદ વાત મારામારી સુધી પહોંચી હતી, જે આગળ વધતા બે મુસ્લિમ પક્ષ બાખડી પડ્યા હતા અને મોટું ધીંગાણું થયું હતું. કોસંબા પોલીસે બંને પક્ષની સામસામે ફરિયાદ નોંધી હતી. જે પૈકી ફૈયાઝ મુનિરખાન પઠાણે ફરિયાદમાં જણાવ્યું કે તેના ભાઈ સોયબ ખાન તથા સેફ વચ્ચે ઝઘડો થયા બાદ મુનાવર મદીનાએ ફૈયાઝ મુનિરખાન પઠાણના ભાઈ ગુલામ મુનીર ખાનને પકડી રાખી તેને તેમજ સોયબ મુનિર ખાનને મુનાવર ઉર્ફે મદીનાએ માર મારતા, તેને ફૈયાઝ પઠાણ બચાવવા વચ્ચે પડતા, મુનીર પઠાણ, આમિર પઠાણ, શાહિદ પઠાણ અને આસિફ બુલેટવાળો વિગેરેએ ફૈયાઝ મુનીર ખાન પઠાણ અને તેના ભાઈને માર મારી તમે કોસંબામાં રહીને બતાવો, તમને પુરા કરી દઈશું તેવી ધમકી આપેલી. ત્યારબાદ ફિરોઝ ખાન મુનિરખાન પઠાણના ઘરે ઝઘડા બાબતે કાર લઈને વાત કરવા જતા આસિફ બુલેટ તથા અમીર પઠાણે પાછળથી પકડી લઈ માર્યો હતો.

સામા પક્ષે સાહિલ ખાન મુનિરખાન પઠાણે અબુ ફિરોઝ અને ઇમરાન સોહેલ મળી ચાર જણા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે સાહિલ મુનિરખાન પઠાણ કોસંબામાં વાળંદની દુકાન પાસે ઉભો હતો ત્યારે સોયબ નામનો યુવાન તું કેમ આ સેજાદની સાથે આવેલ છે. શું તું મને માર મારવાનો છે? તેમ જણાવીને ગાળો આપી હતી. સમાધાન કરવા અબુ ફિરોજ ઇમરાન અને સોયબ મળીને ચાર જણા કારમાં ઘાતક હથિયારો લઈ આવી સાહિલ અને તેના માતા પિતા તથા ભાઈઓને લોખંડના પાઇપ વડે ડાબા હાથે ફ્રેક્ચર તથા માથામાં તથા ડાબા પગે ઇજા પહોંચાડી હતી. ફિરોજે તલવાર વડે એકને માથામાં મારી ખૂનની કોશિશ કરી હતી.

ધમાલ અને ધીંગાણામાં પાંચેક જણાના માથા ફૂટ્યા હતા અને આઠ જણાંને ઇજા પહોંચી હતી. બંને પક્ષમાં ઈજા પહોંચેલાને કોસંબાની આરફ તેમજ એપેક્ષ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. બનાવની જાણ થતા કોસંબા પોલીસ દોડતી થઈ હતી. બંને પક્ષના 11 જણા સામે ફરિયાદ દાખલ કરી આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતાં.

# બારડોલીમાં ઠેર ઠેર હોલિકા દહન, કેટલીક જગ્યાએ વૈદિક હોળી પ્રગટી

**વૈદિક** હોળીમાં અંદાજે 400 કિલો ગૌસ્ટિક, 500 ગ્રામ કપૂર, 200 નંગ છાણાં અને 2 કિલો ઘીનો ઉપયોગ કરાયો


ડાહ્યા પાર્ક સોસાયટી, માંડવી

બારડોલીઃ બારડોલીમાં ગુરુવારના રોજ ઠેર ઠેર હોલિકા દહન કરવામાં આવ્યું હતું. જો કે કેટલીક જગ્યાએ વૈદિક હોળીની અનોખી પરંપરા શરૂ કરવામાં આવી છે,જેમાં શાસ્ત્રી રોડ પર એચ.બી. પાર્ક અને ગુરુકૃપા સોસાયટી ખાતે આ વર્ષે પણ પર્યાવરણની જાળવણીનો સંદેશો આપતી વૈદિક હોળીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુવારે યોજાયેલા આ હોળીના કાર્યક્રમમાં અંદાજે 400 કિલો ગૌસ્ટિક, 500 ગ્રામ કપૂર, 200 નંગ છાણાં અને 2 કિલો ઘીનો ઉપયોગ થયો હતો.

### ભરૂચમાં હોળી પર્વે ભરૂચના સાંસદ સહિત નેતાઓએ ધૂળેટીનો રંગ ઉડાડ્યો



ભરૂચઃ ભરૂચના ભોલાવ સરકીટ હાઉસ ખાતે ગુરુવારે ભાજપ દ્વારા હોળી-ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન ધર્મેશ મિસ્ત્રી અન્ય નેતાઓએ ધૂળેટી તહેવાર લઈને એકબીજા પર રંગ ઉડાડ્યો હતો. સાંસદ મનસુખ વસાવાએ પરંપરા મુજબ પૂજન સામગ્રીનું વિતરણ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ ગુજરાતના બજેટની વિગતો આપી હતી.

### ઝઘડિયામાં હોળી સમયે ખજૂર, કોપરા સાથે જુવારની સૂકી ધાણી ખાવાની પરંપરા


વિનોદ વસાવા

ઝઘડિયાઃ ઝઘડિયા પંથકમાં અનોખી પરંપરા સાથે હોળી મનાવાય છે. જેમ દિવાળીમાં મીઠાઈઓ અને ફરસાણનો તહેવાર ગણવામાં આવે છે, એમ હોળી-ધૂળેટીના પર્વો દરમિયાન ખજૂર, કોપરા ઘઉંની સેવ ખાવાનો મહિમા વર્ષો જૂનો છે. ઝઘડિયા રાજપારડી ઉમલ્લા જેવા નગરોના બજારો સહિત અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં હાલ હોળીના પર્વને લઇને ખજુર કોપરા સેવ સહિત જુવારની ધાણી ખરીદતા હોય છે.

### ગુમાનદેવ હનુમાનજી મંદિરે તા.15મી માર્ચે હોળી-ધુળેટી પર્વ ઉજવાશે

ભરૂચઃ ઝઘડિયાના સુપ્રસિદ્ધ ગુમાનદેવ દાદાના મંદિરે આગામી તા.15 માર્ચે હોળી-ધૂળેટી તહેવારની ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવનાર છે, જેમાં તા.15મી માર્ચના શનિવારે વહેલી સવારે સુંદરકાંડ, હનુમાન ચાલીસા, આરતી અને ભંડારો રાખવામાં આવ્યો છે. સ્વામી મનમોહનદાસ મહારાજે જણાવ્યું હતું કે, ગુમાનદેવ પરમસિદ્ધ પીઠ છે. વર્ષોથી હોળી તહેવાર ઉજવતા હોવાથી આ વખતે પણ તા.15 માર્ચે આયોજન કર્યું છે.

# વ્યારા નગરમાં દબાણ મામલે ચીફ ઓફિસરનો હાઈકોર્ટે રંગ ઉડાવી દીધો

**પરેશ** મિસ્ત્રીએ હાઇકોર્ટમાં સ્પેશિયલ સિવિલ અરજી કરી આ દબાણ તોડવા સંદર્ભે દાદ માંગી હતી

વ્યારાઃ વ્યારા મુખ્ય બજારમાં મીના ક્લોથ સ્ટોરનું દબાણ તોડવા બાબતે તંત્ર દ્વારા સને-૨૦૦૫માં મૌખિક સૂચના આપ્યા બાદ તેમજ વ્યારા સિવિલ કોર્ટે પણ દબાણ દૂર કરવા બાબતના ૨૦૧૫ના ચુકાદા બાદ પાલિકાના વહીવટી તંત્રએ તેમાં ઉદાસીનતા દાખવી હતી. જેથી પરેશ મિસ્ત્રીએ હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ અરજી કરી આ દબાણ તોડવા સંદર્ભે નગરપાલિકા, વ્યારાની નોટિસ અને હુકમની અમલવારી સંદર્ભની દાદ માંગી હતી. આ કાર્યવાહીમાં તા.૬/૩/૨૦૨૫ના રોજની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ મૌના એમ.ભટ્ટની કોર્ટમાં વ્યારાના મીના ક્લોથ સ્ટોર દ્વારા મુખ્ય માર્ગનું દબાણ અંતર્ગત ચાલી રહેલી ન્યાયિક કાર્યવાહી દરમિયાન એડ્વોકેટ પ્રિત શાહની દલીલોને ધ્યાને લઈ કોર્ટ દ્વારા ગેરકાયદે દબાણ સામે તંત્રના ઉદાસીનતાભર્યા વર્તન બદલ સને-૨૦૧૫થી અત્યાર સુધી ચીફ ઓફિસર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં ન આવતાં તીક્ષ્ણ સવાલો કરી નગરપાલિકાની તેમજ ચીફ ઓફિસરની ગંભીર બેદરકારીની નોંધ લઈ દબાણકર્તાને દિન-૭ની નોટિસ આપી કાયદેસરનાં પગલાં લેવાનો હુકમ કર્યો છે. તા.૨૪/૪/૨૦૨૫ના રોજ વધુ કાર્યવાહી માટેની સુનાવણી હાથ ધરવા જણાવ્યું છે. હવે ઉપરોક્ત મૌખિક ટકોર અને હુકમ બાદ વ્યારા નગરપાલિકાના ચીફ ઓફિસર તેમજ તંત્ર દબાણ દૂર કરવા મામલે કોઈ કાર્યવાહી કરે છે કે કેમ? ચર્ચાનો વિષય બન્યો છે.

# સુરાલીમાં કિશોરીને લગ્નની લાલચે ગર્ભવતી બનાવનારા પ્રેમીને 20 વર્ષની સજા

**કિશોરી** ગર્ભવતી થતાં બાળકીને જન્મ આપતાં મામલો પોલીસમથકે પહોંચ્યો હતો

બારડોલીઃ બારડોલીના સુરાલી ગામમાં 14 વર્ષીય કિશોરીને લગ્નની લાલચ આપી મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી ગર્ભવતી કરનાર 25 વર્ષના આરોપીને બારડોલીની અધિક જિલ્લા સત્ર ન્યાયાલય દ્વારા 20 વર્ષની સજા કરવામાં આવી છે.

વર્ષ-2022માં સાગરકુમાર કિરણભાઈ ચૌધરી (ઉં.વ.25) (રહે., સુરાલી, ધારિયા ઓવરા ફળિયું, તા.બારડોલી)એ 14 વર્ષની કિશોરીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચે તેની સાથે અવારનવાર મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ દરમિયાન કિશોરી ગર્ભવતી થઈ હતી અને તેણીએ એક બાળકીને જન્મ આપ્યો હતો. આ અંગે કિશોરીની માતાએ બારડોલી પોલીસમાં ફરિયાદ કરતાં સાગર ચૌધરી વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસની તપાસ પૂર્ણ થયા બાદ પોલીસ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. જે કેસ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ નિલેષ એચ.પટેલની દલીલ સાંભળી તથા રજૂ કરેલા પુરાવાને ધ્યાને લઈ આરોપી સામેનો ગુનો પુરવાર થયો હોવાનું માની બારડોલીના પાંચમા એડિશન સેશન્સ જજ રોબિન પી.મોગરાએ આરોપી સાગરકુમાર ચૌધરીને ધી પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ (પોક્સો) એક્ટ-2012ની કલમ 4(2) મુજબના ગુનામાં 20 વર્ષની સખત કેદની સજા તથા 5 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેમને 6 માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પોક્સો એક્ટની કલમ 6 હેઠળ પણ 20 વર્ષની સજા અને 5 હજારનો દંડ અને દંડની રકમ ભરવામાં કસૂર કરે 6 માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

### પીપોદરા નજીક હાઇવે પર વાહન અડફેટે બાઇકસવાર બેને ગંભીર ઇજા

હથોડાઃ પીપોદરા નજીક હાઈવે પરથી પૂરપાટ ઝડપે પસાર થતા અજાણ્યા વાહને જીજે 19 બીએલ 0330 નંબરની બાઈકને અડફેટે લેતાં બાઈકસવાર વિજયભાઈ ગોમાનભાઈ રાઠોડ અને તેમની પાછળ બેસેલા સાગરભાઈ સુરેશભાઈ રાઠોડને શરીરે ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત બંને જણાને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી કોસંબા પોલીસે બનાવ અંગે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### માસમા ગામે શ્રમિક મૃત હાલતમાં મળ્યો

સાયણઃ મૂળ ઓરિસ્સાનો વતની સુરેન્દ્ર ઉર્ફે મુન્ના સીતારામ પાની (ઉં.વ.૩૮) હાલ માસમાની ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટની રૂમમાં રહેતો હતો. સુરેન્દ્ર પાની છેલ્લા એક માસથી કોઈ કામધંધો કરતો ન હતો. ગત બુધવારે સાંજે સુરેન્દ્ર પાની માસમાની સ્વાગત ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં દેવ ફેબ્રિકેશન વેલ્ડિંગ વર્કસની બાજુના ખુલ્લા પ્લોટ પાસેથી મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ બનાવમાં પોલીસે લાશનો કબજો લઈ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે. કો.તેજશ પ્રકાશ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાબરગામ કોલેજમાં વાર્ષિક મહોત્સવ યોજાયો


દિપકસિંહ મહીડા

અંત્રોલીઃ શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ કુંભારીયા સંચાલિત અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન, સાબરગામમાં તા.૧૩/3/૨૦૨૫ ને બુધવારે વાર્ષિક મહોત્સવનું આયોજન કરાયું હતું. સંસ્થાના પ્રમુખ બળદેવસિંહજી મહીડા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજનાં આચાર્યા ડો.ફાલ્ગુનીબેન એમ. ઠક્કરનો સહયોગ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.શૈલેષ પાંધી અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે કોલેજના આચાર્ય ડો.ફાલ્ગુનીબેન એમ.ઠક્કર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે સંસ્થાના ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક સ્ટાફ, બિન શૈક્ષણિક સ્ટાફ અને સેવક ભાઈઓએ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

### સાયણમાંથી શ્રમિક પરિવારની સગીરાનું અપહરણ

સાયણઃ મૂળ યુપીનો શ્રમિક પરિવાર હાલમાં સાયણ ટાઉનમાં રાંદલ માતાના મંદિર પાસેના એક ફ્લેટમાં રહી કલરકામ કરી ગુજરાન ચલાવે છે. આ પરિવારની ૧૭ વર્ષ, ૪ મહિના, ૨૭ દિવસની દીકરી ગત તા.૩ માર્ચે સવારે ૯:૧૫થી ૧૦:૩૦ કલાકના સમયગાળા દરમિયાન ગુમ થઈ હતી. જેથી પત્તો ન લાગતાં અપહરણની શંકાના આધારે તેણીના પિતાએ ઓલપાડ પોલીસમથકમાં અજાણ્યા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

### તેનના હર્ષિલ ચૌહાણ પીએચ.ડી. થયા



બારડોલીઃ બારડોલીના તેન ગામની ચાણક્યપુરી સોસાયટીમાં રહેતા હર્ષિલભાઈ ડાહ્યાભાઈ ચૌહાણે 'કોમ્પેરેટિવ કેસ સ્ટડી ઓન ફિઝિયો કેમિકલ પેરામીટર ઓફ વેસ્ટ વોટર ઇન્ફ્લુએન્ટ ફ્રોમ ફાર્માસ્યુટિકલ, ટેક્સ્ટાઈલ એન્ડ ડાઈ ઈન્ડસ્ટ્રીઝ ઓફ સાઉથ ગુજરાત રિજન' વિષય પર સંશોધન નિબંધ રજૂ કર્યો હતો. જેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સના મદદનીશ પ્રધ્યાપિકા ડો.અંજલિ વી.વાર્ષ્ણેયના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

### અરેઠમાં ટ્રેક્ટર ખાણમાં ખાબકતાં ચાલકનું મોત

માંડવીઃ માંડવીના અરેઠમાં સ્ટોન ક્વોરીની ઊંડી ખાણમાં ટ્રેક્ટર પડતાં ડ્રાઈવરનું સ્થળ પર નીપજ્યું હતું. માંડવી-કીમ રોડ પર આવેલા અરેઠમાં તા.12 માર્ચ ને ગુરુવારે સવારે 58 વર્ષીય વૃદ્ધ રમેશભાઇ મીચરાભાઇ ચૌધરી ટ્રેક્ટર નં.(GJ-19-AA-1811) ચલાવી રહ્યા હતા. ત્યારે વૃંદાવન સ્ટોન ક્વોરી ખાણમાંથી ટ્રેક્ટર ઉપર ચઢાવતી વેળા સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં ટ્રેક્ટર સાથે ખાણમાં ખાબકતાં રમેશભાઈને ગંભીર ઈજા થતાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તબીબે મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકના પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવતાં લાશનો કબજો લઈ પી.એમ. કરાવી આગળની પ્રક્રિયા હાથ ધરી હતી.